સ્વ. પાર્વતીબાઇ દ્વારકાદાસ ત્રિભોવનદાસ ઇનામી લેખિત નિબંધ માળા ૪ થી

વિષય

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના.

પ્રસિદ્ધ કર્તા

ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ.

સને ૧૯૨૯.

શ્રી ગણેશ પ્રિંટિંગ વર્ક્સ, ૧૦૨ સી ગીરગામ મુંબઇ ૪.

ઇનામી નિબંધની લેખીત પરીક્ષા.

સ્વ. પાર્વતીબાઇ દ્વારકાદાસ ત્રિભોવનદાસ ઇનામી નિબંધ સ્મારક ફંડમાંથી દર વર્ષે લેખીત પરીક્ષા લેવામાં આવે છે. શેઠ દ્વારકાદાસ ત્રિભોવનદાસ જે. પી. એ મુળ રકમ રૂ. ૫૦૦, માં રૂ. ૧૫૦૦. વધારે ઉમેરી રૂપીઆ ૨૦૦૦) કરવાથી દર વર્ષે સાત ઇનામો રૂ. ૧૫, ૧૧, ૯, ૭, ૫, ૪, ૩, આપવામાં આવે છે. ગઇ તારીખ ૨૦ મી એપ્રિલ ને રોજ મંડળના હોલમાં વિભક્ત અથવા અવિભક્ત કુટુંબની ભાવનાના વિષય ઉપર નિબંધ લખવાને બાર સ્ત્રીઓએ આ હરીફાઇમાં ભાગ લીધો હતો. મંડળની કમિટીએ નિબંધો તપાસવાને સૌ. મંગળાગૌરી ચુનીલાલ સેતલવાડને પરીક્ષક નિમ્યા હતાં. તેમણે નિબંધો તપાસી નીચે પ્રમાણે પરિણામ જણાવ્યું હતું. ૧ લું ઇનામ રૂ. ૧૫) સૌ. કુસુમગવરી મંગળદાસ મુનશી, ૨જું ઇનામ રૂ. ૧૧) બાઇ લાલાબાઇ નેણશી ખોના, ૩ જું ઇનામ રૂ. ૯) કુ. મંજુલા ધરમદાસ વોરા. ૪ થું ઇનામ રૂ. ૭) કુ. પુષ્પા છોટાલાલ પારેખ, ૫ મું ઇનામ રૂ. ૫) કુ. ચન્દ્રપ્રભા તુલસીદાસ લાકડાવાળા, ૬ ઠું ઇનામ રૂ. ૪, સૌ. મનોરમા શાંતિરામ મજમુંદાર, ૭ મું ઇનામ રૂ. ૩ સૌ. વીમળા આર. પંડ્યા.

રૂપીઆ ૨૦૦૦) નું વ્યાજ રૂ. ૧૦૧) હાલ ઉપજે છે. જેમાંથી રૂ. ૫૪) ના સાત ઇનામો આપવામાં આપે છે. અને બાકીના રૂપીઆ ૫૧) માંથી નિબંધો છપાવી મંડળનાં સભાસદોને આપવામાં આવે છે.

સ્વ. પાર્વતીબાઇ દ્વારકાદાસ ત્રિભોવનદાસ.



જન્મ સં. ૧૯૪૨. અવસાન સં. ૧૯૮૨.

ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળ.

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના.

લેખિકા—મો. કુસુમગૌરી મંગળદાસ મુનશી.

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના એ પ્રશ્ન આપણી પ્રગતિને માટે અત્યંત અગત્યનો છે.

આ બન્ને વિપર્યય ભાવનાનું આલેખન તથા એ બન્ને ભાવનામાં રહેલા ગુણદોષ ભારત વર્ષની સંક્રાંતિના સમયમાં અતિ મહત્વના છે, અને તેમાં પણ ખાસ કરીને સ્ત્રી જાતિને એથી કેટલા ન્યાય અન્યાય થાય છે, તથા સ્ત્રીઓએ એમાં શું ભાગ ભજવવાનો છે, એ બાબતપર યથાર્થ વિચાર કરવાની જરૂર છે.

અવિભક્ત કુટુંબ એટલે એકત્ર અથવા સંયુક્ત કુટુંબ. જેને અંગ્રેજીમાં Joint family system કહે છે. તે પ્રથા પરાપૂર્વથી ચાલી આવે છે. એની પ્રાચીનતા તથા ઉત્કૃષ્ટતા, શાસ્ત્ર. અને પુરાણોમાં, તથા દંતકથાઓ. અને ઇતિહાસોમા. દષ્ટિગોચર થાય છે.

આદ્ય પુરૂષના વખતમાં માનવની સ્થિતિ ઘણી વિચિત્ર હતી. તે સમયે કુદરતી તથા ઘણાજ વિકટ સંયોગોમાં જીવન ટકાવી રાખવું પડતું. તેવે વખતે સ્ત્રીઓને પુરૂષોને આધારે રહેવું પડતું. એટલે પુરૂષ કુટુંબને સંભાળે અને સ્ત્રીઓ તથા બાળકો તેની નોકરી કરે, એટલે પુરૂષની બીજી મિલકત સાથે બાળકો પણ તેની માલિકની મિલકત ગણાવા લાગ્યા. આ સ્ત્રી બાળકો અને પુરૂષોનો ઝુમખો. તે એકત્ર કુટુંબ. તરીકે ગણી શકાય. સ્મૃતિ લખાઇ તે સમયમાં પણ આપણા દેશમાં એજ ભાવના પ્રબળ હતી, તેમજ અન્ય દેશો જેવા કે રોમમાં પણ તેજ ભાવના સર્વોત્કૃષ્ટ લેખાતી. પણ વખતના વહેવા સાથ ત્યાં એ ભાવના વધુ વખત ટકી નહી, જ્યારે આપણા દેશમાં એની ગુંથણી ધર્મની સાથે થવાથી તે કાયમ થઇ ગઇ.

પાશ્ચિમાત્ય કેળવણી તથા સંસર્ગનું અનુકરણ કરવાથી વિભક્ત કુટુંબની નવી ભાવના જેને અંગ્રેજીમાં Individual Family System કહી શકાય છે, તે નવી ભાવના સાથે જુની ભાવનાનું સતત વહન મિશ્રણ થતાં ઘણીવાર નવિન

ભાવના તરફ આપણું મન સહજ આકર્ષાય છે. પણ એ બંને ભાવનાના લાભ અને ગેરલાભ જોતાં અવિભક્ત કુટુંબની ભાવનાનો આદર્શ મૂળરૂપમાં તો સર્વોત્કૃષ્ટ છે.

અવિભક્ત કુટુંબની ભાવવાનો મહામંત્ર "આત્મભોગ" છે. એ આત્મભોગની ભાવના એકત્ર કુટુંબમાં યથાસ્થિત ખીલી શકે છે. અન્યનાં સુખ સગવડની ખાતર સ્વભોગ આપવાની વૃતિ એકત્ર કુટુંબમાજ કેળવાય છે. વ્યકિતગત દુઃખના સમયમ બહોળા કુટુંબમાં હોવાથી પૂરતુ આશ્વાસન મળે છે, પરસ્પર મદદ પણ કરી શકાય છે, આત્મિક, સામાજીક, અને ધાર્મિક ઉન્નતિ પણ કરી શકાય છે તેમજ સહચર્યતા, અને સહનશીલતા, સહનશીલતા અને સહિષ્ણુતા, તથા ક્ષમા અને શાંતિ, જેવા ઉચ્ચ ગુણો પણ એકત્ર કુટુંબમાં રહેવાથીજ વધારે કેળવી શકાય છે.

એકત્ર કુટુંબમાં દરેક વ્યકિત પોતાનુ કામ યથાસ્થિત બજાવે જાય છે. શ્રેય કેમ થાય, એ વિચારે વ્યકિતગત સ્વાતંત્ર્ય "Self" ને દાબી કૌટુંબિક જીવન higher Self જીવે છે. એટલે અવિભકત કુટુંબમાં મેં ઉપર જણાવેલા ફાયદાઓનો સમાવેશ થઇ જાય છે.

આ ભાવના ઘણી જુની અને ઉત્કૃષ્ટ તથા આદર્શ રૂપનો છેજ; પણ સમય જતાં તેની ગંભીરતા એટલી વધવા લાગી કે એ પ્રથાને આધારે કુટુંબનાં મોટાંઓ નાનેરાના રક્ષકને બદલે ભક્ષક બનવા લાગ્યાં. કન્યા જીવનને પિતા પોતાની મોટી મિલ્કત ગણવા લાગ્યા તેથી કન્યા વિક્રયનો મહાસડો દાખલ થયો. વહુ એટલે મુલ્ય ખરચી આણેલી વસ્તુ. તે બાપડીની દશા "ઘાંચીના બળદ" કરતાં પણ વધારે અધમ, અને ગુલામી વખતમાં ચાલતા જુલમી અને ત્રાસ દાયક પ્રસંગો કરતાં વધારે ભયંકર જણાવા લાગી. માનવ જીવનની સ્વતંત્રતા ને અધોગતી મળવાના પ્રસંગો ઉપસ્થિત થતાં પ્રજાએ એ સામે પોકાર કરવા માંડ્યો. આપણા ગુજરાતના કવિ શ્રી. રાયચુરાએ રચેલા આપણા ગુજરાતનાં એક કાઠિઆવાડી કંઠસ્થ લોકગીતમાં પત્ની પોતાના પતિને ઘરમાંથી રસોડું, ઘંટી, ખાંડણીઉં, તથા ગાય સુધ્ધાં કાઢી, સાસુ સસરા, અને નણંદ ભોજાઇનાં, ઉપરથી મીઠા પણ અંદરથી વિષસમાન, લાગતાં વાતાવરણમાંથી પોતાને સ્વતંત્રતા તથા ઉલ્લાસના લ્હાવા લેવાને વિનંતી કરી રહી છે. એ પરથી એ ભાવના એક સદી પહેલાનું હોવાનું દિગદર્શન થાય છે.

આપણા જીવનનું વ્યકિતગત સ્વાતંત્ર્ય નષ્ટ થવાથી આપણી ઉન્નતિ થવી અશક્ય છે. અને જુની ભાવનાનો હિંદુ સંસારમાં એટલો બધો દુરૂપયોગ થાય છે, કે જ્યાં સુધી તેમાં સુધારો કરવામાં નહીં આવે અથવાતો તેને નષ્ટપ્રાય નહીં કરી શકાય, ત્યાં સુધી નવી ભાવના આપણા સમાજને માટે વધારે શ્રેયસ્કર છે. એમ માનવું ભુલ ભરેલું નથી. આપણાં સંસારમાં સ્થળે સ્થળે અને ગૃહે ગૃહે એ

ભાવનાને કારણે અનેક મનુષ્યોનાં જીવનની હાનિ થાય છે, અવિભકત કુટુંબની ભાવનામાં પ્રેમ છે, સૌન્દર્ય છે, મર્યાદા છે, પણ થોડી ઘણી સ્વતંત્રતા મેળવ્યા વિના કેવળ પરાધિનતામાં જકડાઇ રહેલી અને તેવીજ ભાવનાને પોષી તેવા વાતાવરણમાં રહેનાર સ્ત્રી પોતાના જીવનની ઉન્નતિ કરવા કેવળ અસમર્થ નિવડે છે.

જે પ્રથામાં "નારી નર્કની ખાણ," સ્ત્રીઓમાં આત્મા "નથી," સ્ત્રીઓજ મનુષ્યનો સ્વર્ગમાંથી અધઃપાત કરાવે છે, તથા "સ્ત્રીની બુદ્ધિ પગની પાનિએ" એ માન્યતાઓ દૃઢ થઇ ગઇ છે, પ્રથામાં સ્ત્રી જાતિનુ જીવન ઉન્નત કોઇ પણ પ્રકારે બની શકે નહી એ બનવા જોગ છે.

અવિભકત કુટુંબની જુની ભાવનામાં કન્યા જન્મથીજ વગોવાતી, તેને કેળવણીની ખાસ જરૂર હોઇ શકે નહી તથા પિતાની સંપુર્ણ માલિકીની વસ્તુ ગણાય છે, જ્યારે પત્નીને વગર પગારનું પેટીઉ ઢોર, સવારથી સાંજ સુધી તનતોડ મહેનતથી લોહીનું પાણી કરી, પોતાની ભુલ શિવાય બીજાઓના ગુનામાં પણ સંપુર્ણ અધિકારી બની, ઘરનાં નાનાંથી તે મોટાં સુધીનાં મેણાં ટોણાં ખાતી, અને દૈવવશાત વિધવા થતાં મેલ પગલાની મનાઈ કુટુંબના માણસોથી તિરસ્કાર પામતી ઘરના કોઈ ખુણામાં અંધકારમય જીવન વ્યતિત કરતી વ્યકિત તરી કે જોવામાં આવે છે.

વર્તમાન હિંદની સંક્રાન્તિના સમયમાં એજ કન્યાએ અને એજ સ્ત્રીએ બળવો ઉઠાવવાની, અને જુની પ્રથાને યાતો પુરી સુધારવા યાતો નષ્ટ પ્રાય કરી વ્યક્તિગત સ્વાતંત્ર્ય મેળવવાની ખાસ જરૂર છે.

વર્ષો અને યુગોથી ચાલી આવતી આ પ્રથામાં સુધારો કરવા સ્ત્રીઓની તો જરૂર છેજ. પણ તે સાથે પુરૂષ વર્ગે પણ પોકાર કરી, સમાજની આંખ ઉઘાડવાની ખાસ જરૂર છે.

મુંબાઇ તથા ગુજરાતનાં બીજાં અનેક સુધરેલાં શહેરોમાં સ્ત્રીઓની કમકમાટ ઉપજાવે એવી સ્થિતિ વધારે પ્રમાણમાં જોવામાં આવતી નથી. પણ નાનાં શહેરો અને ગામડાંઓમાં તથા ખાસ કરીને કાઠિઆવાડ અને કચ્છમાં પડદા પાળતી દુઃખી સ્ત્રીઓના ઘુંઘટ ખોલી, બારીક નજરે નિરિક્ષણ કરી શું, તો સમજાશે કે સંયુકત ભાવનાની પ્રબળતામાં કેટલી નિર્દોષ સ્ત્રીઓ અનહદ દુઃખ ભોગવી રહી છે, તેમજ * "ગૌરી" જેવી નિર્દોષ અને કુમળી બાળાઓનાં, આપણા કલુષિત ગૃહજીવનની વેદીપર અનેક બળિદાનો પ્રતિવર્ષ અપાય છે. છતાં અનેક રંક અબળાઓ પોતાની ખાનદાનીથી સહિષ્ણુતાના ઉચ્ચ ગુણને અનુસરી, સ્વ. કવિ કલાપિના.

"વ્હાલી બાળાં ? સહન કરવું એય છે એક લ્હાણું"

એ આદર્શથી પોતાના જીવનની કુરબાની કરી રહી છે.

શ્રીયુત ચીતળીઆના શબ્દોમાં લખીશ કે

“ ૩૦ ને બદલે ૩૦૦ મહાસભાઓ ભરવામાં આવે. વિખ્યાત વક્તાઓ અનેક વર્ષો સુધી ગાતાંગાતાં ઉચે ઉડતા રાજહંસની માફક સંગીતમાં વ્યાખ્યાનો કરે, તેમજ ઈંગ્લાંડ તો શું પણ ઠેઠ પારલામેન્ટ સુધી એના દુ:ખો રડી કહેવામાં આવે, અને અસહકાર આદિ શસ્ત્રોનો ઉપયોગ દેશની સ્વતંત્રતા મેળવવા માટે કરવામાં આવે, તો પણ જ્યાં સુધી અમારા સંસારમાં, અમારી સમાજમાં, સ્ત્રી જીવનની અધોગતિ કરનાર જુની પ્રથાને પુરેપુરી સુધારી અગર તો નષ્ટ પ્રાય કરી, આપણી વિલુણી બાળાઓનાં જીવનને ઉન્નત કરવાની કોશેશ કરવામાં નહીં આવે, તેમજ આપણા ગૃહજીવનમાં સ્વરાજ્યની સ્થાપના કરવામાં ન આવે, તથા સ્ત્રીઓને ઉન્નતિના માર્ગપર ચઢવાના તથા તેનું જીવન સુખમય, આનંદમય, અને શાંતિમય, ગાળવાના સતત્ પ્રયત્નો કરવામાં નહીં આવે, ત્યાં સુધી આપણા દેશનું સ્વરાજ્ય આપણે માટે ઘણું દૂર છે.”

જો સમાજમાં સુધારો કરવા ચાહતા હોતો, જો સમાજની ઉન્નતિ કરવા ચાહતા હોતો, ત્હમારી બ્હેનો, માતાઓ, પુત્રીઓ, જે હાલમાં પરાધિનતાની બેડીમાં જકડાઈ, અનેક દુ:ખો ભોગવી હાય નાંખી રહી છે, તેને યોગ્ય સ્વતંત્રતા આપી તે હાલ જે સ્થિતિ ભોગવે છે, તેમાંથી તેનો ઉધ્ધાર કરો. તેથી ત્હમને ત્હમારૂં કાર્ય કરવામાં મદદ મળવાથી તે જલદી ઉકેલાશે, તેમજ સહચાર વધ-વાથી જે કામ અતિ વિકટ લાગે છે, તે સુલભ થઇ પડશે. હવે જમાનો આગળ વધે છે અને રંક અબળાઓના પ્રારબ્ધ યોગે થવાનું હતું તેતો થયું. પણ હવ તે ન બનવા પામે એવા પ્રયત્ન આદરી તેમની હાયને બદલે આશીર્વાદ લઇ સુખ આપો.

અને બ્હેનો ત્હમે ત્હમારા મનોબળ, અને આત્મ શ્રદ્ધાથી, સત્યતા અને નીતિને વળગી, અને ત્હમારૂં વર્તન અને વિચાર, વધુ ઉચ્ચ બનાવવા પ્રયત્ન કરો, તો નિશ્ચય માનજો કે જે મહાન ઇશ્વરે પોતાના અંશ રૂપેજ આપણને પેદા કર્યા છે. અને તેજ મહાન શકિતથી અચળ વિશ્વાસ અને ભકિત આપણે રાખતાં શીખીએ, તો આપણી વચ્ચે આપણને દેખાતા કંટકો પોતાની મેળેજ દુર થઇ, આપણી ઉન્નતિ કરવાને સરળ માર્ગ કરી આપશે. અને અને આપણું જીવન જે આપણે અંધકારની મુર્તિ સમું લાગે છે, તેને બદલે અનેરી આશાની જયોતથી જળહળતું દેખાશે, અને તે વખતે ત્હમારી નિંદા કરનાર પણ સત્ય મળવાથી ત્હમારી પ્રસંશા કરી અન્યને ત્હમારે પગલે વિચરવા સલાહ આપશે. અસ્તુ

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના.

લેખિકા—બ્હેન લીલાબાઇ નેણશી ખોના.

વિભક્ત અને અવિભક્ત કુટુંબ એટલે શું ? એ શબ્દનો ખુલાસો કરીએ. વિભકત એટલે વહેંચાયલું અને અવિભકત એટલે નહિ વહેંચાયલું એવું યુકત કુટુંબ એ વિષય ઘણો મહત્વનો છે. તેમજ અગત્યનો પણ એટલોજ છે. અને ગહન પણ ઘણોજ છે. એ વિષય સવિસ્તર ચર્ચતાં તો આખી ચોપડી ભરાય. પરંતુ આપણે સ્પષ્ટ અને સરલ ભાષામાં સંક્ષિપ્ત વિવેચન કરી શું.

કુટુંબ કેવું જોઇએ ? અવિભકત. અવિભકતપણામાં અનેક લાભ રહેલા છે. ભારતવર્ષનું ગૌરવ છે. હિંદની ઉન્નતિ રૂપી ઈમારત ચણવામાં અવિભકત કુટુંબ પાયો છે. પાયો મજબુત હશે તો ઇમારત મજબુત અને ટકાઉ બનશે. માટે દરેકે દરેક મનુષ્યે અવિભકત રહેવા ઇચ્છવું જોઇએ.

અવિભકત કુટુંબ કોને કહેવું. એક કુટુંબની અંદર મા, બાપ, સામટા ભાઇએ વહુઓ, બ્હેનો, ફોઇઓ, બાળગોપાળ વગેરે સહીત જે કુટુંબ જોડાયલું હોય, જેની અંદર વડીલોની આજ્ઞા પળાતી હોય, બધાં સંપથી હળીમળીને રહેતાં હોય, અને જેમ " દુધ બળી જશે એવા ભયથી તેનો ભાઇ પાણી બળવા માંડે છે. ત્યારે તેનું રક્ષણ કરવા દુધ ઉભરાય છે. " તેમ એક બીજા પ્રત્યે વાત્સલ્ય પ્રેમ ધોધબંધ વહેતો હોય. એકને દુઃખે દુઃખી અને સુખે સુખી રહેતા હોય. એવા કુટુંબનેજ અવિભકત માનવું. એવા કુટુંબની અંદર સ્વર્ગીય સુખ અનુભવાય છે. " જેમ ઘુવડને સુર્યનાં દર્શન દુર્લભ છે તેમ કમભાગી મનુષ્યને આવા કુટુંબની લહેર મળવી દુર્લભ છે. "

અવિભકતપણું કેમ જળવાઇ રહે એને માટે સદાકાળ સંભાળવાનું છે. એને માટે અનેક વિચાર અને ડહાપણની જરૂર છે.

વ્યવસ્થાઃ—જો અવિભકત વધારે સમય સુધી રહેવું હોય તો જનરલ કુટુંબના એકજ મોટા મકાનની અંદર રૂમ જુદા જુદા હોય તો સારૂં. એકજ જગ્યાએ ન ગોંધાઇ રહેતાં જુદા જુદા શહેરોમાં દુકાનો સ્થાપી અમુક અમુક ભાઇઓની તે પર નિમણુંક કરવી. આથી વહેવારીક અને આર્થિક બન્ને બાજુને સારૂં પોષણ મળશે. વડીલોએ બધાંપર સમાન ભાવ રાખી એવા પ્રકારની વ્યવસ્થા રાખવી કે જેથી કોઇને ઓછું વધુ ન લાગે. ગૃહોપયોગી ચીજ વસ્તુ જથ્થાબંધ લાવવી અને સરખે ભાગે વહેંચી આપવી. કોઇને પોતાની મેળે ખરીદ

કરવાની છુટ આપવી નહિ. જરૂરીયાત હોય તે તે વસ્તુ જરૂર પુરી પાડવી. છતી જોગવાઇએ કદી કંજુસાઇ વાપરવી નહિ. કપડાં દરજી બેસાડીને એક સાથે રંગ સીલાઈ વગેરે એકજ જાતનાં સીવડાવવાં. ખાવાની વસ્તુ પણ એવીજ રીતે ભિન્ન ભાવ રાખ્યા વગર સપ્રેમ આપવી. આથી આવી બાબતો લાગે છે ન જીવી પણ પ્રત્યેક અવિભકતપણું આવાં આવાં કારણોને લીધેજ જળવાઇ રહે છે. જેનાં કુટુંબમાં આવા પ્રકારની વ્યવસ્થાસ્થિતિ નથી હોતી તેમાં અંદર અંદર બૈરાંઓ લડી મરે છે. અને છેવટે મરદને લડાવી વિભકત થવાની ફરજ પાડે છે.

અવિભકત રાખવા નેતાઓ કેવા જોઇએ:—દિવ્ય દૃષ્ટિ અનુભવી અને સમાન ભાવ રાખનારા જોઇએ. જેઓ મોટા હોય એમની ફરજો પણ મોટી હોય છે. રાજા, પ્રધાન, સેનાપતિ, કંપનીનો આગેવાન પ્રિન્સિપાલ, સેક્રેટરી, નગરશેઠ વગેરેને પોતપોતાનું કામ કરવામાં કેટલી સંભાળ રાખવી પડે છે. અને અકકલ વાપરવી પડે છે. તેમ આ એક ગૃહ રૂપી રાજ્ય છે. મુખ્ય માણસ ગહપતિ ગણાય. અને બીજું કુટુંબ તેની પ્રજા સમાન ગણાય. માટે એ અનુભવિ જોઇએ. એનામાં નીચે મુજબ ગુણો જોઇએ. વહેવારકુશળ, વિચારવાન, દીર્ઘ દૃષ્ટિ, પ્રકરતા, અપયોદર્શક, અને નિર્યામક વગેરે ગુણો વડે કુટુંબને સારી રીતે ઘેરી શકે નહિ તો પહેલી કહેવત મુજબ "જેનો આગુ આંધળો તેનું કટક કુવામાં" એ પણ ખરૂં છે. વૃધ્ધોએ અવિભકત પણું જાળવવા માટે રાત દિવસ મહેનત કરવી જોઇએ. અને બહોળા અનુભવ વડે આ મૃત્યુલોકમાં સ્વર્ગભૂમિ બનાવી બીજાને દ્રષ્ટાંત રૂપ થવું જોઇએ.

અવિભકતપણું જાળવવા કુટુંબ કેવું જોઇએ:—એક સંપ. એણે વડીલોની આજ્ઞાનો કદી ભંગ કરવો ન જોઇએ. ઘરની વાત બહાર કહેવી નહિ. બહારની સરખામણી અંદર ન કરવી. વહુઓએ દેરાણી જેઠાણી પ્રત્યે વિનય અને માન જાળવવા જોઇએ. પોતાના સુખદુ:ખનો આધાર વડીલોનાં હાથમાં છે. માટે એઓ કેમ ખુશી રહે એ બાબત કાળજી રાખવી જોઈએ. વાત્સલ્ય ભક્તિ, વિનય, વિવેક, નમ્રતા, અભિન્નાભાવ, પૂજ્યબુદ્ધિ, વગેરે ગુણો વડે કુટુંબ અવિભકત વધારે કાળ રહી શકે છે. "જેમ કમળ સૂર્ય જોઈ ખીલે છે. તેમ નેતાઓ આવા કુટુંબથી ખીલે છે અર્થાત ખુશી થાય છે.

અવિભકતપણાંથી થતા લાભ:—જેમ તાળી પાડવી હોય તો એક હાથ કંઈ કરી શકતો નથી. પરંતુ બંને હાથે તાળી પાડી શકે તેમ એકલાપણામાં કંઈ થઈ શકતું નથી. ચાર છોકરા હોય અને મકાન એક હોય તો સાથે રહી કાળ નિર્ગમન કરી શકે છે. વળી જુદા ચાર ચુલાના ખર્ચ કરતાં એક ચુલાનું ઓછું પડે છે. તેથી ધનનો વ્યય ઓછો થાય છે. માંદે સાજે એક બીજાના સારવાર થઈ શકે છે. મુશ્કેલી પડતી નથી. પતિ કે પત્ની મૃત્યુ પામે તો અવિ-

ભકતપણામાં રસોઇની પંચાત પડતી નથી. વિધવા અવસ્થામાં સ્ત્રીઓને ગુજરાનની કાળજી રાખવી પડતી નથી. કુટુંબ સેવા થાય છે. અને ઉદરપુર્ણા પણ થયા કરે છે. જુદે જુદે ઠેકાણે જુદી જુદી દુકાનો કાઢી નવા નવા હુન્નરો ઉભા કરી આર્થીક લાભ મેળવી શકાય છે. એક મોટી ઇમારત બાંધવી હોય તો માટી કે પાણી એકલા કામ નથી આવતાં, પરંતુ માટી ચુનો લોઢું લાકડું વગેરે એકત્ર થાય છે ત્યારે એક મકાન બંધાય છે. પછી રંગ વગેરે ધોળવાથી દીપી નીકળે છે. તેમ અવિભકતપણામાં સમજવું રૂ. નો એક તાંતણો તો કયાંએ હવામાં ઉડી જાય પરંતુ તે કંતાઈ વણાય અનેક તાંતણા મળી મનુષ્યની એબ ઢાંકી શકે છે. એક લાકડું જલદી ભાંગી જશે. પણ ભારો બાંધીને ચાર માણસ જોર કરશે છતાં ભાંગશે નહિ. તો એવીજ રીતે વિભકત કુટુંબ એકલું શું કરી શકે. ગમે તેવું ડહાપણ છતાં ઘણાની જેમ સુખ ન મેળવી શકે. આ અવિભકતપણાથી દેશને મોટો લાભ છે.

અવિભકતપણુંએ ભારતનું મુકટ છે. આર્યતાનું લક્ષણ છે. ઉન્નતિનો પાયો છે. પૂર્વના લોકોનું એ પરમ ભૂષણ છે. તેમાંએ ખાસ ગુજરાતનું તો ગૌરવ એ તો જાણે એને વારસામાંજ ન મળ્યું હોય ? તેમ એને સંભાળે છે ભાઈ ભાઇ પ્રત્યેનો પ્રેમ તો કંઇ ઓરજ ?

" उत्सवे व्यसने चैव दुर्भिक्षे शत्रु विग्रहे
राजद्वारे स्मशाने च यस्तिष्टति स बांधवः "

સુખમાં, દુખમાં, અને તેમજ દુષ્કાળમાં લડાઇમાં, રાજ દરબારમાં અને સ્મશાન ભુમિમાં સાથે ઉભો રહે તેજ ભાઈ. આવો ભાતૃ પ્રેમ ગુજરાતીઓમાં હોય છે. અને તેથીજ તેઓ ચીરકાળ અવિભકત રહી શકે છે. **'माता देवो भव' 'पितृ देवो भव'** એટલે માતાને દેવ માનો છો. પિતાજ દેવ છે. એવી પૂજ્ય બુદ્ધિ વડીલો પ્રત્યે જોઈએ. એવી પૂજ્ય ભાવના એજ અવિભકત કુટુંબને દીર્ઘકાળ પોષવા ખોરાક રૂપ છે. એવા કુટુંબમાં લક્ષ્મી વાસ કરી રહે છે. વૃધ્ધોના આર્શિવાદ મેળવાય છે. અને પોતે કાળજી રહીત દ્રવ્યોપાર્જન કરવામાં ગુંથાય છે.

આજકાલ આપણી સમાજમાં વિભકતપણું દાખલ થવા લાગ્યું છે. અને તે એટલી હદ સુધી કે યોગ્ય ઉપાય લેવામાં નહિ આવે તો અવિભકતપણાનું નામ પણ જતું રહેશે.

વિભકતપણું દાખલ થવાના કારણો:—પાશ્ચાત્ય કેળવણીને લીધે આપણે આપણું કર્મ ભુલવા લાગ્યા પશ્ચિમ દેશમાં એવો પ્રચાર છે કે દીકરાએ લગ્ન કર્યાબાદ સાથે રહેવાજ નહિ. આ રિવાજને લીધે તેઓ પહેલાં સારી રીતે કેળવણી લઇ દ્રવ્યોપાર્જન કરી શકે ત્યારે લગ્ન કરે. વડીલમાં એઓને પૂજ્યભાવ હોતો નથી.

માબાપનો વૃધ્ધા અવસ્થામાં આજીવીકાની કે શુશ્રુશાની આશા પુત્ર તરફથી રાખતાંજ નથી.

પાશ્ચાત્યોની માન્યના એવી છે કે વિભકત રહેવાથી પોતાની આજીવીકા ચલાવવા માટે સ્ત્રીપુરૂષે ફરજીયાત યોગ્ય બનવું પડે છે. એકલાં રહેવાથી ધારણા મુજબ વર્તી શકાય છે. તેથી મન પ્રફુલીત રહે છે. અને નવી નવી શોધો કરી શકે છે. યુકિતએ રચી શકે છે. તેથી દેશમાં હુન્નરકળા વધે છે. અને આર્થીક લાભ મેળવી શકાય છે. મન આનંદમાં રહેવાથી આરોગ્ય જળવાય છે. ઇચ્છા મુજબ વર્તવાથી મગજ વિકાસ પામે છે. અને અનેક કામ કરવા તત્પર રહે છે. ઇચ્છા મુજબ થોડો આહાર બનાવવો હોય એટલે વખત ઘણો બચાવી શકાય. વગેરે વગેરે લાભ જણાવે છે. પાશ્ચાત્ય લોકો એહિક સુખ જોનારા છે. એટલે એમને આમાંજ સંપૂર્ણતા જણાય છે. એમાંજ ખરૂં સુખ માની લે છે. બાહ્ય દૃષ્ટિથીજ જોનારા બહારનું જોઇ અંજાઇ જાય છે.

પરંતુ આપણા પૂર્વ લોકો તો પાર્માર્થિક સુખ જોનારા અને ભોગવનારા તેથી એમનાં કર્તવ્ય જુદા હોય. ક્ષમાં, શીલ, દયા, દાન, નીતિ, કર્તવ્ય વગેરેને આભૂષણ ગણે છે અને એમાંજ ખરૂં સુખ માને છે. પરંતુ આજ કાલના યુવકો પાશ્ચાત્યોનું અનુકરણ કરવા જાય છે. એમાં જે કંઇ ગુણ હોય તે ગ્રહણ ન થઇ શકવાથી અવળો માર્ગ અંગીકાર કરી લીધો. જેને પરિણામે દેશને સમાજને કુટુંબને ઘણું ખમવું પડે છે.

આજકાલ અધુરૂં શિક્ષણ લઇને ફુલાઇ જાય છે. અને અમે બધું જાણીએ છીએ એમ માને છે. "અધુરો ઘડો છલ કાય" તેની માફક કુટુંબમાં બડાઇ મારી છિન્ન ભિન્ન કરી નાખે છે. પોતાનું મન એવું નાજુક બનાવી નાખે છે કે કોઇનું કંઈ સહનજ નથી કરી શકતો. ખમવું અને માફ કરવું તેના વગર વહેવાર ચાલેજ કેમ. કુલણજી બની અમને કોઈની પરવા નથી. અમે અમારૂં ફોડી લઇશું એમ માની વિભકત થાય છે. **'संपूर्ण कुंभो न करोति शब्दम्'** એટલે જેઓ સંપુર્ણ જ્ઞાન મેળવે છે. તેઓ તો એમ સમજે છે કે આ મહાસાગરમાંથી હજુ બિંદુ જેટલું મારે હાથ લાગ્યું છે. આ સમુદ્ર તો હવે પીવાનો છે. એમ વિચારી અહંકાર કરતો નથી. અને બધાને ઉપકારી થઈ પડે છે.

એશ આરામનાં સાધનો વધી જવાથી પણ અવિભકતપણામાં વિભકતપણાએ મેખ મારી સ્ત્રીની ગેરહાજરીમાં રસોઇની અડચણ પડે પરંતુ લોકો હોસ્ટેલો વગેરે કયાં ખુલ્લા નથી. એ ખોટ ત્યાં પૂરી પાડી આવે. આથી શરીરનાં શા હાલહવાલ થાય છે. તે તો બધાં જાણેજ છે. સુવાવડઅર વખતે કુટુંબ જોઇએ. એ પણ હોસ્પિટલ માર્ફતે ચલાવી શકાય. બિમારીમાં કુટુંબ જોઇએ. એ પણ હોસ્પિટલમાં જવાથી પાર પડે છે. થાકેલા મનને વિશ્રાંતિ વિનોદ વગેરે કુટુંબ આપે છે. પરંતુ આજકાલ નાટક સિનેમાં એટલા વધી ગયા છે કે ઘરમાં પગ મુકવાની ફુરસદજ ભાગ્યે મળે છે.

વિભક્ત થવાનાં નજીવા બંધનો:—વૃધ્ધો વૃધ્ધ વિચારના હોવાથી એમના અને નવિન યુવકોમાં મતભેદ થાય છે. કેટલીક વખત યુવકોની દલીલ પણ ખરી હોય છે. વૃધ્ધો બિલકુલ તેમને ન અનુસરતાં પોતાનોજ કક્કો ખરો કરે ત્યારે માણસ કંટાળે અને ન છુટકે વિરક્ત થઇ પોતાની મુરાદ પાર પાડે. સ્ત્રીઓને શિક્ષણ આપવું ઘર બહાર કાઢવી એ એમને બિલકુલ પસંદ નથી. અને નવિન શિક્ષણના રસીક લોકો આ લાભ સ્ત્રીઓને આપવા ઇચ્છે. પરંતુ એ અવિભક્તપણામાં બનવું અશક્ય છે આવી સ્થિતિ આવી પડે ત્યારે વિભક્ત થઇને આગળ પગલું ભરે છે. અને શિક્ષણ મેળવી લાભ લે છે. સ્વતંત્રતાના શબ્દ એમને કાને અથડાયા અને એનું રહસ્ય સંપુર્ણ ન સમજવાથી તેઓને વડીલોની આજ્ઞા પાળવી ભારે પડી અને તેથી વિભક્ત થવું પડ્યું. સ્વરાજ લઇ દેશને સ્વતંત્ર કરવો એ વાત તો બાજુએ રહી પરંતુ દરેક જણ ગૃહ રૂપી સ્વરાજ લઇ સ્વતંત્ર થઇ બેઠા. વસ્ત્રાલંકાર પણ પૂર્વના કઢંગા લાગવા લાગ્યા. નવી નવી ફેશનો જોઇ લલચાયા. વૃધ્ધોને આ કેવી રીતે ગમે ? એમણે વિભક્ત થઇ ઇચ્છા પાર પાડી. આવાં અનેક કારણોને લીધે આજકાલ વિભક્તપણું વધી ગયું છે. એમા બંનેનો દોષ ગણી શકાય. વૃધ્ધોએ જમાનાને અનુસરી કંઇક રિતરીવાજમાં ફેરફાર કરવો જોઇએ. યુવકોએ સમાજને અનુસરી વર્તન રાખવું જોઇએ. એક બીજાને અનુસરીને કામ કરવાથી ઘણા લાભ થાય છે. માટે આથી શ્રેષ્ઠ તો એ છે કે દરેકે ગમ ખાવી. કંઇ નવા સુધારા દાખલ કરવા હોય તો બળથી નહિ પરંતુ કળથી કામ લેવું નહિ તો અફઘાન રાજા અમાનુલ્લા જેવી સ્થિતિ થાય. આ વિષય ઘણો ગહન છે એના પર વિવેચન કરવાથી દરેક વ્યકિતને કુટુંબ એટલે શુ એ વિચારવાની અમુલ્ય તક મળે છે. અને આપણામાં શું ખામી છે. કેવા સાહિત્યની જરૂર છે. વગેરે સમજી તે સાહિત્ય મેળવવા પણ વખતે કોશિષ કરે.

અવિભક્તપણામાં તો ઘણાં લાભ છે. અને એજ ગ્રાહ્ય છે. વિભક્તમાં પણ વહેવારીક દ્રષ્ટિથી કંઇ કંઈ લાભ જણાય છે. પરંતુ આપણે નજીવા ચળકતા કાચ કરતાં અમુલ્ય હીરો મેળવવા પ્રયત્ન કરીએ. દુનિયામાં મારૂં તો સારૂં નહિ પરંતુ સારૂં તે મારૂ એ વિચાર દરેક વ્યકિતના મનમાં દઢ થવો જોઈએ. કુટુંબની ચાવી સ્ત્રીઓના હાથમાં છે તો સ્ત્રીઓને એવી જાતનું શિક્ષણ મળવું જોઇએ કે એઓ કુટુંબનું અવિભક્તપણું સાચવી શકે બંધન રૂપ ન થતાં સહાયકારી થાય પ્રજા રૂપી બીજ ઉત્પન્ન કરવા કુટુંબ રૂપી ક્ષેત્ર છે. એમાં જેવું શિક્ષણ અને સંસ્કાર હશે તેવાંજ બાળક બનશે. માટે કુટુંબીએ સંપી અને પોતાના સમાજનો અને દેશનો ઉધ્ધાર કરવો જોઇએ. માણસ ધારે તે કરી શકે. આવી સંસ્થાઓથી પણ બ્હેનોને ઘણો લાભ છે. તેઓ ગૃહકાર્યમાંથી પરવારી સમાજ સેવાર્થે વખતનો ભોગ આપે છે. એ પ્રશંનિય છે. દરેકે દરેક કુટુંબ સુધરી જાય તો સમાજ સુધરવો સરલ થાય. માટે આવા વિષયો આપી હમેશાં બ્હેનોને જાગૃતિ આપવા વિનંતિ છે.

———

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના.

લેખિકા—કુ. મંજુલા ધરમદાસ વોરા.

વિભક્ત અને અવિભક્ત કુટુંબ સંસ્થા પર વિવેચન કર્યા પહેલાં કુટુંબ એટલે શું તે જાણવું યોગ્ય છે. કુટુંબ એટલે વ્યકિતઓનો સમૂહ એ સર્વ વ્યકિતઓની પર એક ઉપરી હોય છે. ઉપરી એટલે જુલમી નહિ પરંતુ કુટુંબ મિલ્કતનો વહીવટ કરનાર, સર્વ વ્યકિતઓનો આત્મિક અને લૌકિક લાભોનો રક્ષક, અસમતાને અટકાવનાર, હક અને યોગ્ય જવાબદારી ભોગવનારી વ્યકિત. આપણી કુટુંબ સંસ્થા રોમન સંસ્થા કરતાં ઘણે દરજ્જે ઉત્તમ છે. આપણે ઉપરીને વડીલ કહીએ છીએ. આપણી સંસ્થાથી વડીલની રજા સિવાય કોઇ પણ ચીજ થઇ શકે નહિ, પણ રોમન સંસ્થામાં તો વડીલ ચાહે તો કુટુંબની કોઈ પણ વ્યકિતને ગુલામ તરીકે વ્હેંચી શકે અને મરાવી પણ નાંખે.

કુટુંબ સમાજનું અનિવાર્ય અંગ છે. વ્યકિત વિના કુટુંબ નથી, કુટુંબ વિના સમાજ નથી, સમાજ વિના જગત નથી. કુટુંબ પર સમાજના બંધારણનો આધાર છે. વ્યકિત અને સમાજ વચ્ચે કુટુંબ સાંકળ રૂપ છે. સમાજને નિભાવવા માટે કુટુંબની આવશ્યકતા છે. એ વ્યકિતઓ અવિવાહિત રહે તો કુટુંબ સંસ્થા નાશ પામે છે. કુટુંબના નાશથી સમાજ લય પામે છે. સમાજના લયથી જગત ભસ્મીભૂત થઇ જાય છે. જો કુટુંબ અજ્ઞાનતા રૂપી અંધકારમાં અથડાયા કરે તો સમાજ જ્ઞાન રૂપી તેજમાં કયાંથીજ આવી શકે ? કુટુંબ ઉચ્ચ આદર્શોમાં વિહરતું હોય તો સમાજ ઉન્નતિના ઉચ્ચ શિખર પર પ્હોંચી શકે અને અંતે દેશોદયનો દિવાકર ઝળકી રહે. આ પરથી એમ જણાશે કે કુટુંબ સમાજના વિકાસમાં સારો ફાળો આપે છે, એટલે કે સમાજની ઉન્નતિ માટે આદર્શ કુટુંબની જરૂરત છે.

હવે સંયુક્ત કુટુંબ એટલે શું ? એ સંસ્થા ઉત્પન્ન કેવી રીતે થઇ તો જોઇએ. સંયુક્ત કુટુંબ એટલે સગા સંબંધીઓનો સમુહ. સંયુકત કુટુંબમાં પરણિત પુત્રો પિતૃચ્છ આશરા હેઠળ રહે છે. આવક વડીલ પાસે જાય છે, અને તે ઘરની વ્યવસ્થા કરે અને ખર્ચ ચલાવે. આ સંસ્થા નૈતિક અને આર્થિક હેતુને લીધે ઉભી થઈ છે. આધુનિક શોધ ખોળો ને હુન્નર ખીલતાં જાય છે, પણ પ્રાચીન સમયમાં એટલી બધી શોધ ખોળ થઇ નહોતી. હિંદુસ્થાન ખેતીવાડીનો પ્રદેશ હતો અને છે. પ્રાચીન સમયમાં લોકો ખેતીવાડીથીજ પોતાનું જીવન ગાળતાં. હાલ ખેતીવાડી કરે છે પણ બહુ થોડા પ્રમાણમાં. ખેતીવાડીનું કામ એવું છે કે તે એકલાથી થઇ શકતું નથી. કુટુંબના માણસોની મદદ હોવાથી પારકાની જરૂર પડતી નથી. એ કામ સારૂં થાય અને જે પારકા માણસને પૈસા આપવા પડે તે બચે. આથી લોકો એકજ ઘરમાં રહેતાં. સ્ત્રીઓનું અને બાળકોનું પારકાની મદદ સિવાય રક્ષણ થઇ શકે છે. વડીલને કુટુંબ જનો પર સંપૂર્ણ હક છે એ ભાવના ઉત્પન્ન થાય છે. આ કારણોને લીધે આ સંસ્થા ઉભી થવા પામી છે.

હવે કુટુંબ સંસ્થાના આદર્શ તરફ દ્રષ્ટિ ફેરવીએ. આર્થિક દ્રષ્ટિએ જોતાં સંયુકત કુટુંબ સંસ્થા પૈસાનો સારો બચાવ કરે છે. બાળકોનું, વિધવાઓનું અને અશકત મનુષ્યોનું રક્ષણ તથા પોષણ થાય છે. તેઓને પારકાનો આશ્રય લેવો પડતો નથી. સંયુકત કુટુંબ બાળકો માટે શિક્ષણનું ક્ષેત્ર, પકવ વયનાં મનુષ્યો માટે સેવા અને કાર્યનું સ્થાન, વયોવૃધ્ધ માટે અવલંબે છે. પ્રાથમિક કેળવણી માટે સંયુકત કુટુંબમાં રહેવું ઉચિત છે. સેવાની ભાવના કુટુંબમાં રહેવાથી કેળવાય છે. વડીલની આમન્યા રાખતાં શીખે છે. ગૃહકેળવણી માટે કન્યાએ સંયુકત કુટુંબમાં રહેવું જોઈએ. યોગ્ય માતા થવાના બીજ કન્યાની મનોભૂમિમાં રોપાય છે, અને પોષાય છે. એ ગુણો પોષાવાથી કન્યા આદર્શ ગૃહિણી થઈ ગૃહને નંદનવન સમું બનાવે છે. અને સમાજ સેવિકા તરીકે યોગ્ય બને છે. સંયુકત કુટુંબમાં રહેવાથી સ્વાર્થત્યાગ આત્મભોગ, સંસ્કાર, સેવાની ભાવના. વિનય અને સહનશીલતાના ગુણો કેળવાય છે. સંયુકત કુટુંબ સંસ્થા યુવાન યુગલ માટે સારી છે. વડીલ હોય તો તેની આમન્યા રાખવી પડે છે અને ફાવે તેમ કરી શકાતુ નથી. વડીલની ચેતવણીથી તેઓ ભુલ રૂપી ખાડામાં પડતાં બચે છે. કુટુંબમાં શ્રમની વ્હેંચણીની ભાવનાને લીધે ઉત્તમ છે.

વિભકત કુટુંબ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યું તે જોઇએ. વખતના વહેવા સાથે વ્યકિતત્વનો વિકાસ થાય છે. રેલ્વે, અને બીજા દેશોની હુન્નરની ખીલવણીને લીધે કમાવવાના સાધનો પુષ્કળ વધી ગયા છે, એટલે લોકો પોતાના દેશમાં ખેતીવાડી સિવાય બીજો હુન્નર ન હોવાથી પરદેશ કમાવવા જાય છે. આ રીતે તેઓને માતૃભૂમિથી અને વડીલોથી છુટાં થવું પડે છે.

પહેલાના જમાનામાં કેળવણીને પૂરો ટેકો મળતો નહોતો પરંતુ હાલ કેળવણીનો પ્રચાર જોતજોતામાં પુષ્કળ વધી ગયો છે. આધુનિક સમયમાં સ્ત્રીઓ પણ સંસ્કૃતિ પ્રત્યેક પુસ્તકોથી પરિચિત થવા પ્રયત્ન કરે છે. અભણ અને ભણેલાંમાં આચારવિચારમાં ભિન્નતા માલમ પડે છે. વિસમીસદીની વ્યકિતઓમાં સાહસ વૃત્તિ બહુ પ્રમાણમાં જોવામાં આવે છે. સ્ત્રીઓમાં વિચારોની ભિન્નતાને લીધે અને તેથી ઉપજતા કુસંપને લીધે આ સંસ્થા ઉભી થવા પામી છે. આ બધા કારણોને લીધે આ સંસ્થા ખડી થઇ છે.

વિભકત કુટુંબથી શું ફાયદા થાય છે તે તપાસીએ. વિભકત કુટુંબથી વ્યકિતત્વનો સંપૂર્ણ વિકાસ થઇ શકે. યુવાન યુગલની ઉગતી અભિલાષોને આ સંસ્થાને લીધે પુરતું પોષણ મળે છે. સંયુકત કુટુંબમાં દરેક વ્યકિતને શકિત અને વિચાર દર્શાવવાનો અવકાશ મળતોજ નથી. બે ભાઇઓ હોય. વડીલ ભાઇ દુગુંણી અને સટ્ટાખોર હોય તો તેનાથી ઉપજતા અનર્થોને લીધે બીજા ભાઇને સહન કરવું પડે છે. શું આ નાનો ભાઇ વિભકત કુટુંબ પસંદ ન કરે ? તે જરૂર કરશે. પણ અણસમજુઓ તેને સ્વાર્થી કહેશે. એમાં સ્વાર્થ કયાં આવ્યો ? વિભકત કુટુંબમાં જવું એટલેજ આત્મભોગ સેવવો. વિભકત કુટુંબમાં એને અમુક આત્મભોગો તો આપવાજ પડશે. કુટુંબીઓની મદદ સિવાય એને જીવન મુસાફરી પુરી કરવી પડે છે. અને જે કંઇ માર્ગમાં મુશ્કેલીઓ આવે તે સહન કરવી પડે

છે. સંયુક્ત કુટુંબમાં વડીલના દાબ અને ઘુમટામાંથી પરવારે તોજ આત્મવિકાસ થાયને ? સમાજ સેવા કરવા માટે કુટુંબ સેવાની આવશ્યકતા છે. વિભક્ત કુટુંબ સમય પ્રસંગે કુટુંબ સેવા કરવાના માર્ગમાં આડે આવતું નથી. વિભક્ત કુટુંબમાં દરેક વ્યક્તિને પોતાના વિચાર દર્શાવવાની પુરી તક મળે છે. આપણે સંયુક્ત કુટું-બોમાં જોઇએ તો ભાગ્યેજ કોઇક દેરાણી જેઠાણીને બનતું હશે. રોજ ઉઠીને કંકાસ. તો પછી વિભક્ત કુટુંબમાં જવું ઉત્તમ ન ગણાય ?

વિભક્ત અને અવિભક્ત કુટુંબ સંસ્થા આ બંનેની સરખામણી કરતાં અને અર્વાચીન પ્રજાને કઇ સંસ્થા ઉત્તમ ગણાય ? પ્રાચીન સમયમાં સંયુક્ત કુટુંબ સંસ્થા ઉત્તમ જણાઇ તેટલીજ વિસમીસદીમાં વિભક્ત કુટુંબ સંસ્થા ઉત્તમ જણાઇ. જુના જમાનામાં કુટુંબ સંયોજનાનો આદર્શ કે જેમાં આર્થિક લાભો, ઉચ્ચ સામાજીક ગુણોની ખીલવણી થાય છે તે આજે અલોપ થઇ છે. આત્મિક અને નૈતિક વિચારોની જગ્યા લૌકિક લાભોએ લીધી છે. સંયુક્ત કુટુંબ સંસ્થાની નૌકા આર્થિક ખડક પર તુટી પડી છે. સંયુક્ત કુટુંબમાં નાની વહુ પાસે વધારે કામ લેવામાં આવે છે. કારણકે એને કોઇને પણ કહેવાનું રહેતુંજ નથી. બીચારી મને કમને કામ કરે છે. શ્રમ વધારે અને આરામ થોડો તો પછી જીંદગી પણ ટુંકી થાય છે. ઉગતી કળીને કચરી નાખી આત્મભોગ આપે તો શું ફાયદો થાય ? આ સાસુ, નણંદનું ઝારશાહીપણાનું પરિણામ છે. હાલની સાસુઓ તેઓ એક વખત વહુ હતી તે સંદતર ભૂલી જઇ પૂત્ર વધુઓપર જુલ્મ ગુજારે છે. આવી રીતે કયાં સુધી ચાલે ? સંયુક્ત કુટુંબનો ખરો ભાવાર્થ નાશ પામ્યો છે. વિદેશીય આર્થિક ચુસણતા અને સ્વાર્થ વૃત્તિથી સંયુક્ત કુટુંબ સંસ્થા પડી ભાંગી છે. મનની એકતાનો જ્યાં અભાવ હોય ત્યાં સંયુક્ત કુટુંબ સંસ્થા શી કામની ? સંયુક્ત કુટુંબમાં સ્વાર્થનું બીજ રોપાય તો કલેશ રૂપી ઝાડ ઉગવાનુંજ. એ કલેશને લીધે બાળકો આદર્શ કેવી રીતે બની શકે. જેવું ઘરમાં જોય તેવી રીતે તે વર્તે, બાળકોને જ્યાં રોજનો કંકાસ થાય તો તેનામાં સારા ગુણો કયાંથી આવે ? વિભક્ત કુટુંબથી વ્યક્તિ સ્વાશ્રયી થતાં શીખે છે. તાત્કાલિક ભવિષ્યમાં સંયુક્ત કુટુંબો નાશ પામશે અને પશ્ચિમની માફક વિભક્ત કુટુંબો ઉભાં થશે. વિભક્ત કુટુંબથી ગેર ફાયદો થાય પણ કયારે ? જો તે સંસ્થા સ્વાર્થનિષ્ઠ સન્તોષ અને આર્થિક કાર્યસિદ્ધિ માટેની નીવડે તો મ્હારા મતાનુસાર કોઇ પણ પ્રકારના કુટુંબના જીવનમાં આત્મભોગ તો આપવોજ પડે. પશ્ચિમમાં તેમજ પૂર્વમાં કુટુંબ સંસ્થામાં થોડી વિકૃતિની આવશ્યકતા છે. અર્વાચીન પરિસ્થિતિ જોતાં તો વિભક્ત કુટુંબ સંસ્થા ઉત્તમ છે.

વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવના.

લેખિકા—કુ. પુષ્પા છોટાલાલ પારેખ.

આ વિષય એટલો વિશાળ છે કે, એમાં રહેલી ભાવનાઓ, સ્વાનુભાવ અને પોતાના વિચાર પર મુખ્ય આધાર રાખે છે. આખા કુટુંબનો સાથે સમાવેશ હોય તેને અવિભકત કુટુંબ કહેવાય છે. અને જ્યારે કુટુંબી જનો જુદા પડી પોતાનું જીવન પોતાના પરજ આધાર રાખી વ્યતિત કરે છે તેને વિભકત કુટુંબ તરીકે કહેવામાં આવે છે. જોકે, આપણું માનવ જીવન તો એક એવા તારથી ગુથાએલું છે કે, આપણે ભલે વિભકત હોઈએ કે અવિભકત, પણ દરેક રીતે છુટા તો થઇ શકીએજ નહી. અરસપરસ સહાયતાઓ કરવી એતો દરેક મનુષ્યનો ધર્મજ છે.

વિભકત કુટુંબમાં કેટલીક ભાવનાઓ દબાઇ જાય છે અને કેટલીક ભાવનાઓનો ઘણો સારો વિકાસ થાય છે. વિભકત કુટુંબમાં આખા જીવનની જોખમદારી માત્ર એકજ વ્યકિત પર હોય છે, એટલે પોતાની હજાર જાતની જોખમદારીઓનું ભાન પુરતું હોય છે. વ્યકિત સ્વતંત્રતા તો માત્ર વિભકત કુટુંબમાંજ વિકસી શકે છે. અનેક જાતના અનુભવો અને કસોટીઓમાંથી, તેને પસાર થવું પડે છે. એટલે તેને પુરતો વિચાર કરવાની સારી તક મળે છે. જોકે વ્યકિત સ્વાર્થી તો બનીજ જાય છે. પરંતુ તેને મન માને એમ મહાલવાનું તો મળે છે. પોતાનું દંપતી જીવન પણ પોતે ધારે એ પ્રમાણે પસાર કરી શકે છે. પોતાના જીવનનો આધાર તે બીજા પ્રત્યે આધાર રાખી બેસી રહેતો નથી. વ્યકિત સ્વતંત્રતા દરેક પુરુષ યા સ્ત્રીને અવશ્ય હોવીજ જોઇએ. એના વગર મગજનો વિકાસ તો થઈ શકેજ નહી. સ્વતંત્રતાનો ઉપયોગ યોગ્ય રીતે થવો જોઇએ. એનો દુરઉપયોગ ન થાય એ ખાસ તેને જોવાનું છે. વ્યકિતએ પોતાના આદર્શોને યોગ્ય પાયાપર ઘડી તેને અમલમાં મુકવા માટેના વિચારો કરી સદા દ્રઢતાથી અને આત્મશ્રધ્ધાથી તેનું સેવન કર્યા કરવું. પોતાનામાં જો પુરી શ્રધ્ધા હોય અને તેના આદર્શો સમયને અને સમાજને અનુસરતા હોય તો જરૂર, કોઇની બીકથી અને કોઇની ટીકાઓથી તેનો કોઇપણ રીતે ત્યાગ ન કરવો. અવનવા વિવિધ અને વિચિત્ર અનુભવોજ માણસનું મન યોગ્ય રસ્તાપર દોરવવા પ્રેરે છે. આત્મભાન ભૂલી ન જતા તેને તેનું સંપૂર્ણ રીતે જ્ઞાન થાય છે. ધારો કે કુટુંબમાં ત્રણ ભાઇઓ હોય અને દરેક વિભકત હોય પણ તેઓએ અરસ પરસની ફરજો ભૂલી જવાની નથી. સુખ યા દુઃખના સમયે સહાયી અને સલાહકારી થવાની ભાવનાઓને વિસારવાની નથી.

જો કુટુંબના ત્રણે ભાઇઓ વિભક્ત થઈ જાય તો બાપની વૃદ્ધાવસ્થામાં શું સ્થિતિ થાય? શું તેઓએ પોતાના પિતાનો તદ્દન ત્યાગ કરી દેવો? અવશ્ય નહીજ. સ્વફરજોનું પણ જ્ઞાન ભૂલી જવું ન જોઇએ.

અવિભક્ત કુટુંબમાં, ઘણી ભાવનાઓ દબાય છે અને વિકાસે છે. સેવાવૃત્તિ, સ્વાર્થત્યાગ, સમભાવ, આજ્ઞાપાલન, અન્યોન્ય ફરજ અને સંપ, સંયુક્ત કુટુંબમાં ઘણી સારી રીતે શિખી શકાય છે. પરંતુ આ સર્વ કુટુંબની વ્યક્તિઓ પર અને તેમની પ્રકૃતિ અને સ્વભાવ પર આધાર રાખે છે. કુટુંબ કેળવાયલું હશે તો, પુત્રીઓને અને પુત્ર વધુઓને સમાન દ્રષ્ટિથીજ નિહાળશે. સર્વ સાથે મળી એ ઉન્નતિની ભાવનાઓથી એકબીજાની ફરજો અદા કરે, તો કોઇ દિવસ કંકાશ અને કજીયાને સ્થાન મળતુ નથી. જ્યાં સંપ હોય ત્યાંજ જય છે. એક કુટુંબમાંજ જો આપણે સંપ ન રાખી શકીએ તો આપણા પોતાના દેશની સર્વ વ્યક્તિઓમાં એકત્રતાની ભાવનાના બિજ શીરિતે રોળી શકાએ? અવિભક્ત કુટુંબમાં વ્યક્તિ સ્વતંત્રતા મળતી પણ નથી અને વિકસતી પણ નથી. કુટુંબ કેળવાએલું અને સમજુ હોય તે.જ એ બની શકે છે. કુટુંબનો એક Head man મુખ્ય માણસ, જે કહે તે પ્રમાણેજ સર્વને ચાલવાનું હોય છે. અન્ય સર્વ કુટુંબી જનોને તો માત્ર રમકડાં તરીકેજ ગણવામાં આવે છે. એ લોકને તો કોઇ પણ જાતનો અવાજજ નહી. No way and no say. વ્યક્તિને પોતાની જોખમદારીઓનું પુરૂ જ્ઞાન હોતુ નથી કારણ તે જાણે છે કે કુટુંબની અન્ય વ્યક્તિઓ, તેને મદદ કરશે, એટલે સ્વાભાવિક તેનામાં જરા આળસાઇ અને બેદરકારી આવી જાય છે. અનુભવ હીન પણ બની જાય છે. સ્વતંત્રતા ન આપવાથી ભાઇઓમાં કજીઆ કંકાશના મૂળ ઘલાય છે અને એકબિજા પ્રત્યે તિરસ્કારની લાગણીઓનો ઉદ્દ્ભવ થાય છે. સ્ત્રીઓમાં પણ કજીયાના મૂળો રોપાય છે. બિન કેળવાએલી સાસુ, પોતાની વહુઓ પર, પોતાની બડાઇ મારવા તલસે છે, અને સાસુ તરીકેનો દરેક દમામ, વહુઓપર અજમાવવામાં પાછી પાની કરતી નથી. જેઠાણી પણ દેરાણી પર, બધો કામનો બોજો મૂકી, જેઠાણી પણું કરવા નહી ચુકે. આ સર્વનું મુખ્ય કારણ કેળવણીનો અપ્રચાર. પોણો ભાગ હજી, અજ્ઞાનતામાં છે, એટલે અનેક આવા દરૂણ દાખલાઓ કેટલાએ કુટુંબોમાં બને છે. કેટલીએ કુમળી નિર્દોષ કળીઓ અકાળે કરમાઈ જાય છે. અને સાસુ વિગેરેના ત્રાસમાંથી છુટવા માટે, આત્મબલીદાન આપવા તૈયાર થઇ જાય છે. સ્ત્રીઓ પ્રત્યે કેટલીક વારતો સમાજ માત્ર અવિશ્વાસની નજરેથીજ જુએ છે. કેટલાક પુરૂષો, પોતાની પત્નિઓને પોતાની દબાએલીજ રાખવામાં મહત્તા માને છે. આનો અર્થ એમ નથી કે સ્ત્રીઓએ, પુરૂષોના કહયામાં ના રહેવું, અને ફાવે તેવું વર્તન ચલાવવું. સંદૃષ્ટી અને સ્નેહ અન્યોન્ય હોય તો, પરતંત્રતા જેવું કંઇ લાગેજ નહી. અન્યોન્ય કેરી ન્યુનતા પૂરે અનુગુણ દંપતી ". ગોવર્ધનભાઇની આ ભાવના દરેક સ્ત્રી પુરૂષમાં હોય તો જીવન આદર્શ બને, જીવનની રસિકતા

અને સુંદરતા પણ ત્યારેજ આવી શકે. એકત્ર વિચારના યોગ્ય કેળવાએલા અનુકૂળ દંપતી, અનેક રીતે પોતાનું જીવન ઉત્સાહિત બનાવી, સમાજને લાભ આપી શકે. કેળવણી એજ મનુષ્યને ઉંચી કક્ષાપર લઈ જવાનું સાધન છે. અને Home Sweet Home ની ભાવના પણ ત્યારેજ આવશે, અને ગૃહની રસિકતા અને સુંદરતાને પ્રગટાવશે.

એક કુટુંબની સર્વ વ્યકિતઓના વિચાર એક સરખા તો હોઈ શકેજ નહી. જેવી મનની કેળવણી અને તેનો વિકાસ હશે તેવાજ તેના વિચારો ઘડાશે. સારૂં યા નરસું ગ્રહણ કરવાની શકિતઓ વ્યકિતમાંજ હોવી જોઇએ. દરેક વ્યકિતને ભાવનાશાલી જીવન વ્યતીત કરવાની અભિલાષાઓ હોય છે અને હમેશ તેના સ્વપ્નો પણ સેવે છે. આ એની ભાવનાઓમાં કોઈ વિઘ્નકાળે અને તેની સ્વતંત્રતા પર તરાપ મારે તો, તેના આત્માને કેટલો ઘાવ લાગે તેતો અનુભવીનેજ ખબર છોકરાઓ તેમજ છોકરીઓને સ્વતંત્ર વિચારોનો હક તો એક સરખોજ હોવો જોઇએ. તેવો તરફનું વર્તન પણ એક સરખુજ હોવું જોઇએ. વિમાર્ગે જાતા પુત્ર પુત્રીઓને યોગ્ય રસ્તે દોરવવા એતો વડીલોની ફરજ્જ છેજ, અને તેમની સૂચનાઓને ધ્યાનમાં લેવાની પણ બાળકોની ફરજ છે. બાળકોના ઉત્સાહને અને આદર્શોને ભંગ કરી નિરૂત્સાહીત બનાવવા, એ વડીલોનો હેતુ હોવો ન જોઇએ. સંયુકત કુટુંબમાં પુત્ર યા પુત્રીને અનેક વડીલો હોય એટલે તે પોતાના વિચારોને અને માનસિક કેળવણીને ઘડી તો નજ શકે. દરેક વ્યકિતને સ્વતંત્રતા તો હોવીજ જોઇએ. સંયુકત કુટુંબમાં, સહિષ્ણુતા પણ ઘણી સારી રીતે કેળવી શકાય છે. કુટુંબની અનેક વ્યકિતઓના પરિચયમાં આવવાથી કંઇ નવું શિખવાનું મળે છે. અને દરેક વ્યકિતના વિચારો જાણી આપણા પોતાના વિચારોમાં સુધારો વધારો કરવાની તક મળે છે. અનુભવજ માણસને ઘડે છે. અને અનુભવ સારા યા નરસા વિચારોને દૃઢ બનાવે છે. અનેક વ્યકિતઓ સાથે જુદા જુદા વિષયો પર વાદવિવાદ કરી, વિચારોની આપલેપણ સારી રીતે થઇ શકે છે. કેળવાએલું કુટુંબ હોય તોજ આ સવ શકય છે. નહી તો અન્યથા કેશમાં તો કુસંપના બિજ રોપાય અને છેવટે પરિણામ તો હાની કારકજ આવે. સાસુ વહુના દેરાણી–જેઠાણી ભાઈ-ભાઇના કજીઆ પણ ચાલુજ રહેવાના.

દરેક ચિજને હમેશા બે બાજુ હોય છે. દરેકના ફાયદા અને ગેર ફાયદાનું કેન્દ્ર હોય છે. વિભકત કુટુંબના અનેક ફાયદાઓ પણ છે અને ગેર ફાયદા પણ છે. અને અવિભકત કુટુંબમાં પણ તેમજ છે. બે માંથી કયુ સારૂ એનો કહી શકાય નહી. એતો સ્વાનુભવો અને સ્વવિચારો પરજ આધાર રાખે છે. જેના જેવા સંજોગો અને સંસ્કારો હોય જેવું વાતાવરણ હોય તેના પર મનુષ્ય આધાર છે. કોઇના કહેવાથી, યા કોઇના વિચારથી આપણે આપણા સંજોગો અને વિચારો

એકાએક તો બદલી શકીશું નહી. ખરો આધાર તો વ્યક્તિપરજ રાખે છે. સ્વાશ્રયી બનવું, એતો દરેક વ્યક્તિએ ધ્યાનમાં રાખવા જેવું છે. બીજા પર આધાર રાખવા કરતાં, પોતાનામાજ પુર્ણ શ્રધ્ધા રાખી, પોતાનું જીવન ઉચ્ચ બનાવવા, અનેક પ્રયાસો કરવા તરફ પુરતું ધ્યાન અપાય તોજ જીવનની રસિકતા આવે. માનસિક કેળવણી પર પણ પુરતું ધ્યાન આપવું એ પણ, એક ઉંચી કક્ષાનું સાધન છે. ખોટા વૈભવ વિલાસો અને મોજમઝામાં વખત પસાર ન કરતાં કેળવણીના વિકાસ પરધ્યાન અપાય તો આપણા સમાજની અને દેશની ઉન્નતિ જલદીથીજ થઇ શકે. વિભક્ત અને અવિભક્ત કુટુંબની ભાવનાઓની અસર પણ મુખ્યત્વે કેળવણી ઉપરજ છે. વ્યક્તિ સ્વતંત્રતાનો હક એકલા પુરૂષોને નથી. યા એકલી સ્ત્રીઓને નથી. સ્વવિચારો બાંધવા અને તેને કેળવવા એ દરેકને હક છે. બિન કેળવાએલા સંયુક્ત કુટુંબમાં જેટલું સ્ત્રીઓને ખમવું પડે છે તેટલું પુરૂષોને સહન કરવાનું હોતુ નથી. સ્ત્રીઓને બિચારીઓને તે સરકસના પાળેલા જાનવરોની માફક ગોંધાઇ રહેવાનું હોય છે. અને અનેક કસોટીઓમાં ઉતરવું પડે છે. ખુલ્લી હવામાં જવાનું તો નામજ નહી. એટલે તેમની શારિરીક અને માનસીક સ્થિતિ પણ નજ ખીલી શકે. આવી સ્ત્રીઓ તરફથી વીર પ્રજાની ઇચ્છા રાખવી એ પણ આપણી મુર્ખાઇજ છે. વર્તમાન પ્રજાજ ઉચી કક્ષા પર ન હોયતો ભાવી પ્રજાને તો શીરીતે ઉચી પદવીપર ચઢાવી શકે? સેળ વર્ષની માતાઓની પ્રજા કયાંથી બળવાન હોઇ શકે? કેળવણીનો પ્રસાર જેમ વધશે અને દરેક પુત્ર યા પુત્રીને ફરજ્યાત કેળવણી અપાશે ત્યારેજ આપણી અનેક કુરૂઢીઓના બંધનો તુટશે અને અવિભક્ત કુટુંબમાં સંપ વધશે. અને કજીઆ કંકશો દુર થઇ એકત્રતાની ભાવનાઓ દરેકમાં જાગૃત થશે.

———o———